રાજકોટમાં મોદીનો શાનદાર રોડ શો

શનિવારે પીએમ મોદી રાજકોટની મુલાકાતે હતા અહીં તેમણે રોડ-શો કર્યો હતો.

આજે પીએમ મોદી સોમનાથની પૂજા કરશે

રવિવારે સાંજે ગાંધીનગરમાં મેટ્રો ફેઝ-2નું ઉદઘાટન કરશે

ગાંધીનગર : આજથી પીએમ નરેન્દ્ર મોદી ગુજરાતના ત્રણ દિવસ પ્રવાસે આવી પહોચ્યા છે. રાજકોટથી પીએમ મોદી હેલિકોપ્ટર દ્વારા સોમનાથ આવી પહોચ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાત્રે 8 કલાકે સોમનાથ મંદિરમાં ઓમકાર મંત્ર જાપમાં ભાગ લેશે. રાત્રે 8.20 સોમનાથ મંદિરમાં ડ્રોન શો પણ નિહાળ્યો હતો. રવિવારે પીએમ મોદી પણ સોમનાથમાં જ છે. જ્યાં સોમનાથ મંદિરમાં દર્શન અને પૂજા કરશે.

આ દિવસે શૌર્ય યાત્રા બાદ જાહેર સભાને સંબોધિત કરશે. સોમનાથ બાદ રાજકોટના વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટનું ઉદ્ઘાટન કરશે. રવિવારે સાંજે ગાંધીનગરમાં મેટ્રો ફેઝ-2નું ઉદ્ઘાટન કરશે. સોમવારે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેશે. તો આ દિવસે જર્મનીના ચાન્સેલર સાથે પણ મુલાકાત કરશે.

સોમનાથ સ્વાભિમાન પર્વમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન પૂર્વે ભવ્ય અને દિવ્ય માહોલ સર્જાયો હતો.

ગત રોજ ગિરનાર તીર્થક્ષેત્ર સહિતના સાધુ-સંતોએ સોમનાથના શંખચોકથી પદયાત્રા કરીને દેવાધિદેવ ભગવાન મહાદેવના દર્શનાર્થે પહોંચ્યા હતા.આવતીકાલે 11 જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પવિત્ર જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરમાં વિશેષ પૂજા કરશે. મંદિર દર્શન બાદ તેઓ સોમનાથમાં આયોજિત શૌર્ય યાત્રામાં ભાગ લેશે. સોમનાથ નગરીમાં અંદાજે એક કિલોમીટર લાંબી શૌર્ય પર્વ યાત્રા યોજાશે, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાશે અને દેશભક્તિ તથા સાંસ્કૃતિક ઉત્સાહનો માહોલ રહેશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 10-11 જાન્યુઆરી, 2026ના રોજ મહત્વપૂર્ણ સ્મારક કાર્યક્રમોમાં ભાગ લેવા માટે સોમનાથની મુલાકાતે પહોંચી ગયા છે.સોમનાથ મંદિરમાં વાર્ષિક 9.2-9.7 મિલિયન ભક્તો આવે છે. સોમનાથ સ્વાભિમાન પર્વ 8 જાન્યુઆરીથી 11 જાન્યુઆરી, 2026 દરમિયાન રાષ્ટ્રીય ઉજવણી તરીકે ઉજવવામાં આવી રહ્યું છે, જે જાન્યુઆરી 1026માં સોમનાથ મંદિર પર થયેલા પ્રથમ હુમલાની 1000મી વર્ષગાંઠ છે.

ઉમરપાડાની મહિલા પોલીસની પુત્રીનો આપઘાત

21 વર્ષીય નીતિક્ષા વસાવા બીકોમના ત્રીજા વર્ષમાં ભણતી હતી

સુરતઃ શહેરના પીપલોદ પોલીસ લાઇનમાં રહેતા એક મહિલા પોલીસ કોન્સ્ટેબલની ૨૧ વર્ષીય પુત્રીએ ફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવાર શોકમગ્ન થઈ ગયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ સુરત જિલ્લાના ઉમરપાડાના વતની દિલીપભાઈ વસાવા હાલ પીપલોદ પોલીસ લાઇનમાં પરિવાર સાથે રહે છે. દિલીપભાઈ ખાનગી શાળામાં ખ્યૂન તરીકે ફરજ બજાવે છે, જ્યારે તેમના પત્ની રેખાબેન સુરત પોલીસ હેડ ક્વાર્ટરમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ પર છે. પુત્ર વડોદરા ખાતે ફાયર બ્રિગેડમાં નોકરી કરે છે, જ્યારે નાની દીકરી નીતિક્ષા વસાવા (ઉંમર ૨૧) બીકોમના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી.

ગઈકાલે બપોરે ઘરમાં કોઈ હાજર ન હતું, ત્યારે નીતિક્ષાએ પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની ગંભીરતા જોતા ઉમરા પોલીસે મૃતક યુવતીનો મોબાઇલ કબજે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે અને આપઘાત પાછળનું સાચું કારણ જાણવા વધુ તપાસ શરૂ કરી છે.

સુ.ડિ.કો.ના ડિફોલ્ટરને એક વર્ષની કેદની સજા

વાહન લોન લીધા બાદ ચૂકવણી પેટે આપેલો ચેક રિટર્ન થતાં બેન્ક દ્વારા માંગરોળની કોર્ટમાં ફરિયાદ કરાઈ હતી

સુરતઃ વાહન લોન લેનાર સુરત ડિસ્ટ્રિક્ટ બેંકના ડિફોલ્ટરને કોર્ટે એક વર્ષની સજા ફટકારી છે. એટલું જ નહીં આરોપી 1,90,929 રૂપિયાની ચેકની રકમ 60 દિવસમાં નહીં ચૂકવે તો બીજા 30 દિવસની કેદની સજા પણ માંગરોળના અધિક ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટે ફટકારી છે.

બનાવની વિગત એવી છે કે, ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો.ઓપ. બેંકની વાંકલ શાખામાંથી ધર્મેન્દ્રસિંહ ગુણવંતસિંહ વરાછીયાએ ૧૮/૦૯/૨૦૧૮ના રોજ રૂા.૫,૭૮,૦૦૦/- ની સ્વિફ્ટ કાર ખરીદવા માટે વાહન લોન લીધી હતી.

આ લોનની રકમ ભરપાઇ કરવામાં નિષ્ફળ રહેતા તેઓને ચેક રિટર્નના કેસમાં સુરતની માંગરોળ કોર્ટના અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ દ્વારા તકસીરવાર ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ રૂા.૧,૯૦,૯૨૯/- વળતર પેટે 60 દિવસમાં ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો છે અને આરોપી જો વળતરની રકમ ભરપાઇ કરવામાં નિષ્ફળ જાય તો વધુ 30 દિવસની સાદી કેદની સજા ફટકારતો હુકમ કર્યો છે.

કોર્ટના ચુકાદા મુજબ સતસંગ સોસાયટી, મુળદ ચોકડી, કીમ, તા.ઓલપાડમાં રહેતા ધમેન્દ્રસિંહ ગુણવંતસિંહ વરાછીયાને સ્વિફ્ટ કાર ખરીદવા માટે વાહન લોન લીધી હતી. તેઓ લોનમાં માસિક હપ્તાની રકમ ભરપાઇ કરવામાં નિષ્ફળ રહ્યાં હતા.

જેથી સુરત ડિસ્ટ્રિક્ટ કો. ઓપ. બેંકની વાંકલ શાખાના મેનેજર ગૌરાંગકુમાર અરૂણભાઈ પરમાર મારફ્ત માંગરોળ કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યો હતો. બેંકના એડવોકેટ હરેન્દ્રસિંહ ટી. પરમારની દલીલો સાંભળી કોર્ટે બેંકની તરફેણમાં આ ચુકાદો આપ્યો હતો.

RC બુકમાં નામ ટ્રાન્સફર ન કરનારા સામે કાર્યવાહી થશે

સલામતી થાપણ જપ્ત કરવાનો દિન-1માં હુકમ કરવા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની સૂચના

સુરતઃ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૫ માટે જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત ડોર-સ્ટેપ-ડિલિવરી કામગીરી માટે નિમણૂક કરાયેલા ઇજારદારો સામે હવે કડક કાર્યવાહી હાથ ધરવાના આદેશ આપવામાં આવ્યા છે. ટેન્ડરની શરતો મુજબ વાહનોના દસ્તાવેજી પુરાવા, ખાસ કરીને આર.સી. બુકમાં માલિકી નામ ટ્રાન્સફર ન કરનારા ઇજારદારોની સલામતી થાપણ જપ્ત કરવા દિન-૧માં હુકમ કરવાનો સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે.

નિગમ દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ તાલુકા ગોડાઉનમાંથી વાજબી ભાવની દુકાનો સુધી અનાજ સહિતની જરૂરી જણસી પહોંચાડવા માટે ડોર-સ્ટેપ-ડિલિવરીની વ્યવસ્થા અમલમાં છે. વર્ષ ૨૦૨૩-૨૫ માટે જિલ્લાવાઈઝ અને ઝોનવાઈઝ ઇજારા સુપરત કરવામાં આવ્યા હતા. ટેન્ડરના દસ્તાવેજના મુદ્દા નં.૪ મુજબ ઇજારદારોએ રજૂ કરેલાં વાહનો માટે આરસી બુક, ફિટનેસ સર્ટિફિકેટ, પીયુસી સર્ટિફિકેટ, ઇન્સ્યોરન્સ તેમજ વેચાણખત આધારિત માલિકી પુરાવા રજૂ કરવાના ફરજિયાત હતા. તેમજ વર્ક ઓર્ડર મળ્યા બાદ કરારખત કરતી વખતે તે વાહનો પોતાના નામે ટ્રાન્સફર કરાવી RC બુકમાં નામ બદલાવ કરાવવાનું અનિવાર્ય હતું. પરંતુ સુરત સહિત અનેક ઝોનમાં ઇજારદારોએ ટેન્ડર સમયે વેચાણખતથી દર્શાવેલાં વાહનોના આર.સી. બુકમાં આજદિન સુધી નામ ટ્રાન્સફર કરાવ્યાં નથી.

જિલ્લા મેનેજરોને નોટિસ આપી પછી પણ પગલાં નહીં લેતાં હવે નિગમ લાલચોળ

આ બાબતે નિગમ દ્વારા અગાઉ 21 મે-2025ના પત્રથી દસ્તાવેજી પુરાવા બાબતે કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. તેમ છતાં સંબંધિત નાયબ જિલ્લા મેનેજરો દ્વારા ટેન્ડરની શરતો મુજબ કાર્યવાહી ન થતાં 8 નવેમ્બર-2025ના રોજ કારણદર્શક નોટિસ પણ પાઠવવામાં આવી હતી. નોટિસ બાદ પણ કોઇ અસરકારક પગલાં લેવામાં ન આવતાં હવે નિગમ દ્વારા સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે કે જે ઝોનમાં ઇજારદારોએ આર.સી. બુકમાં નામ ટ્રાન્સફર કર્યું નથી, તેવા ઇજારદારોની સલામતી થાપણ જપ્ત કરી દિન-૧માં હુકમ કરવામાં આવે અને તેની જાણ તરત નિગમને કરવી ફરજિયાત રહેશે.

ડોર-સ્ટેપ-ડિલિવરીમાં શરતોનું પાલન ન કરનારા ઈજારદારો સામે કાર્યવાહી થશે

આ આદેશ અમદાવાદ ગ્રામ્ય, અમરેલી, ગાંધીનગર, મહીસાગર, રાજકોટ, વલસાડ, સુરત, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, છોટા ઉદેપુર, બનાસકાંઠા, જૂનાગઢ, કચ્છ અને પંચમહાલ જિલ્લાના નાયબ જિલ્લા મેનેજરોને પાઠવવામાં આવ્યો છે. નિગમના આ કડક વલણથી ડોર-સ્ટેપ-ડિલિવરીમાં શરતોનું પાલન ન કરનારા ઇજારદારો સામે કાર્યવાહીનો માર્ગ ખૂલ્યો છે અને આગામી દિવસોમાં વધુ કડક પગલાં લેવાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

અંજલિ-દર્શિતની પૂછપરછમાં ભંવરસિંહ સહિત 3 નાં નામ ખૂલ્યાં

ડોલર બીઆઈએન. જ્વેલરી એલએલસી, દુબઈમાં જમા કરવાના હતા

સુરતઃ સુરત DRIની પૂછપરછ દરમિયાન અંજલિ અને દર્શિત નિલેશકુમાર ઠક્કરે કબૂલ્યું હતું કે ભૂતકાળમાં, તેમણે પોતે અને તેમની પત્નીએ ભારતથી દુબઈમાં આશરે 4,80,000 યુએસ ડોલરની વિદેશી ચલણની દાણચોરી કરી હતી, જે મુંબઈમાં આ ત્રણ વ્યક્તિઓમાંથી એકે તેમને સોંપી હતી. આ ત્રણ પૈકી વિનોદસિંહ રાજપુરોહિતે મુખ્ય સૂત્રધારનું નામ આપ્યુ હતું. એ ભંવરસિંહ રાજપુરોહિતની ગેમ્સ કન્સોલ દુકાનમાં સેલ્સમેન તરીકે કામ કરે છે. વિનોદસિંહ દર્શિત નિલેશકુમાર ઠક્કરને ફક્ત એક જ વાર મળ્યા હતા. ભંવરસિંહ જી. રાજપુરોહિતે કબૂલ્યું હતું કે આ યુએસ ડોલર તેમના લેજર એકાઉન્ટ નંબર BS0004માં જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો.

અનુસંધાન ... પાના છેલ્લાનું

વલસાડનું તાપમાન...

સુરત શહેરમાં આજે ઠંડીનો તીવ્ર અહેસાસ નોંધાયો હતો. જાન્યુઆરી મહિનાના પ્રથમ દસ દિવસમાં સૌથી ઠંડી રાત આજે અનુભવાઈ હતી. ઉત્તર-પશ્ચિમ દિશામાંથી ફૂંકાતા પવનના કારણે શહેરમાં ઠંડીના સુસવાટા અનુભવાયા હતા, જેના કારણે વહેલી સવારથી જ ઠંડીની અસર વધુ રહી હતી. હવામાન વિભાગના આંકડા મુજબ આજે શહેરમાં મહત્તમ તાપમાન એક ડિગ્રી ઘટીને 28.1 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન અડધો ડિગ્રી ઘટીને 14.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં સરેરાશ 48 ટકા ભેજ નોંધાયો હતો અને ઉત્તર-પશ્ચિમ દિશાનો પવન અંદાજે 10 કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતો રહ્યો હતો.

ભરૂચથી કીમના...

કલાકે ખુલ્લો મુકાયો છે. ઉતરાયણ પહેલા શનિવારે સારું ચોઘડિયું જોઇને દહેગામથી કીમ રોડ પર શ્રીફળ ફોડીને બંને બાજુએ માર્ગ ખુલ્લો મુકાતાં નાનાં વાહનો ચાલુ કરી દીધાં છે. અગાઉ 'ગુજરાતમિત્ર'એ આ રૂટ આગામી તા.10મી આસપાસ ખુલ્લો મુકી દેવાશે તેવો અહેવાલ પ્રસિદ્ધ કર્યો જ હતો.

વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વેનો પેકેજ-5, જે કીમથી દહેગામ સુધીનો પટ આવરી લે છે, તેમાં કામગીરી સતત આગળ વધી રહી છે અને મહિનાના અંત સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા હતી. દહેગામ-કીમ રોડ પર રિજિયોનલ હેડ સુનીલ યાદવ તા.8મી જાન્યુઆરીના રોજ આવીને સાઈડ વિઝિટ કરીને સેફ્ટીના મુદ્દે રોડ ચાલુ કરવામાં એક દિવસ વિલંબ રાખ્યો હતો. શનિવારે સાંજે 4.15 કલાકે દહેગામથી કીમનો રોડ તમામ તૈયારી બાદ ખુલ્લો મુકાયો છે. જે માટે શ્રીફળ વધેરીને અને મોં મીઠું કરાવીને ઓપનિંગ કરવામાં આવ્યું હતું.

પુનગામ એક્સપ્રેસ...

સ્થળ પર બંદોબસ્ત જાળવી રાખી એન.એચ.આઇ.એ. દ્વારા એપ્રોચ રોડની એન્ટ્રી ડિવાઇડર બેરિકેડ મૂકીને સંપૂર્ણ રીતે બંધ કરી દીધી છે. રોજિંદા આવન-જાવન માટે આ માર્ગ પર નિર્ભર રહેલા લોકો માટે આ નિર્ણય મુશ્કેલીરૂપ બન્યો છે. કેન્દ્રીય માર્ગ મકાન મંત્રાલયે ગત નવેમ્બર માસમાં આ એપ્રોચ રોડ શરૂ કરવાની મોટી જાહેરાત કરી હતી, જેના કારણે વર્ષોથી ટ્રાફિકની સમસ્યાથી પીડાતા વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો. તે સમયે ભાજપ દ્વારા આ નિર્ણયને વધાવતા ફટાકડા ફોડી ઉજવણી પણ કરવામાં આવી હતી. જો કે, હવે અચાનક એપ્રોચ રોડની એન્ટ્રી બંધ કરાતાં લોકોમાં 'છેતરાયા' હોવાની તીવ્ર લાગણી ઉદભવી છે.

એનાથી ખારેલનો...

સમસ્યા સર્જાઈ રહી છે. હાલમાં એક્સપ્રેસ વે પર નાની નરોલીથી એના સુધીનો વાહન વ્યવહાર રાબેતા મુજબ ચાલુ છે. રાહતની વાત એ છે કે, નાની નરોલીથી અંકલેશ્વર સુધીનો માર્ગ પણ નાના વાહનો માટે ખુલ્લો કરી દેવામાં આવ્યો છે. પરંતુ સમસ્યા ત્યારે ઊભી થાય છે જ્યારે વાહનો એના પહોંચે છે. એનાથી આગળ ખારેલ તરફ જતો રસ્તો હજુ બંધ હોવાથી તમામ ટ્રાફિકને પલસાણાના એનાથી નેશનલ હાઇવે નં.53 પર ડાયવર્ટ કરવામાં આવ્યો છે.

આ ડાયવર્ઝનને કારણે નેશનલ હાઇવે પર વાહનોની લાંબી કતારો જોવા મળે છે અને ટ્રાફિકનું ભારણ ક્ષમતા કરતા વધી ગયું છે. સ્થાનિક સૂત્રો અને વાહનચાલકોના જણાવ્યા અનુસાર એનાથી ખારેલ સુધીનો માર્ગ લગભગ તૈયાર થઈ ગયો છે. માત્ર આખરી ઓપ અને મંજૂરીના અભાવે આ સેક્શન શરૂ કરવામાં આવ્યો નથી.

ડોલરની દાણચોરીનો...

નોટ પ કડાઈ હતી. આ મામલામાં નોટ લઈ જનાર મહિલા આરોપી અંજલી ભરતભાઈ સોની અને દર્શિત નિલેશકુમાર ઠક્કરની ધરપકડ કરાઈ હતી. આ બંનેની પૂછપર છ દ રમિયાન વિદેશી ચલણની દાણચોરી રેકેટનો મુખ્ય કાવતરાખોર ભંવરસિંહ ગંગાસિંહ રાજપુરોહિત (બી-૫૦૨, ગુનીના સીએચએસ ઓ ફ પામ બીચ રોડ, સેક્ટર-૧૬ એ, નવી મુંબઈ, સાનપાડા , થાણે)ની ઓળખ છતી થતા સુરત DRIની ટીમ તેને મુંબઈથી ઝડપી લીધો હતો. આજે આરો પીને સુરતની ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં રજૂ કરતા કોર્ટે DRIના એડવોકેટ ધર્મેન્દ્ર પ્રજાપતિની દલીલો ગ્રાહ્ય રાખી 4 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. ભંવરસિંહ ગંગાસિંહ રાજપુરોહિતની પૂછપરછ કરતા તેણે કબૂલ્યું હતું કે, "અંજલી અને તેનો પતિ દર્શિત ઠક્કર 6 ખેપ થકી 4,35,000 US ડોલર દુબઈ મોકલ્યા પછી 7મી ખેપમાં પકડાયા હતા. ભંવરસિંહ રાજપુરોહિત 1,10,000 અમેરિકન ડોલરની ખેપ બદલ 55,000 રૂપિયા કમિશન ચૂકવતો હતો.

27 ડિસેમ્બરે સુરત DRIએ અંજલી ભરતભાઈ સોની (A-1, 1202, વીર એક્ઝોટિકા, પાલ તળાવ, ગૌરવ પથ રોડ પાસે, પાલ, સુરત)ને ઈન્ડિગો ફ્લાઈટ નં. 6E 1507 દ્વારા સુરતથી દુબઈ જતી વેળા આંતરરાષ્ટ્રીય એરપોર્ટના પ્રસ્થાન ટર્મિનલ પર અટકાવી સામાનની સંપૂર્ણ તલાશી લેતા અંજલી ભરતભાઈ સોની પાસે 1,34,100 યુએસ ડોલરની ચલણી નોટો (એક કરોડ વીસ લાખ આઠ હજાર છસો પંચાવન રૂપિયા) હોવાનું જાણવા મળ્યું હતું. જે તેણીના ચેક-ઈન ટ્રોલી બેગના પર્સ અને કપડાંમાં છુપાવેલી હતી. આ ચલણ અંજલીના પતિ દર્શિત નિલેશકુમાર ઠક્કરએ તેને આપ્યું હતું. અંજલી અને દર્શિત નિલેશભાઈ ઠક્કરની તપાસમાં ભંવરસિંહ રાજપુરોહિત સહિત મુંબઈમાં રહેતા 3 વ્યક્તિના નામ ખુલ્યા હતા. આરોપીએ હજુ સુધી ભારતથી દુબઈમાં વિદેશી ચલણની દાણચોરીની સિન્ડિકેટમાં સામેલ અન્ય વ્યક્તિઓની સંપૂર્ણ વિગતો જાહેર કરી નથી.

દુબઈમાં 100...

USD 1,34,100 સહિત) ની વિશાળ રકમનો સમાવેશ થાય છે, જે આશરે રૂ. 4,27,00,000/- જેટલી થાય છે.

આવકવેરા વિભાગે...

ફાઈલ કરવામાં આવ્યા બાદ આવકવેરા વિભાગે રિટર્નની વિગતવાર ચકાસણી હાથ ધરી છે. તપાસ દરમિયાન આવકવેરા વિભાગને અનેક શંકાસ્પદ રિટર્ન મળ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ દરમિયાન આવકવેરા વિભાગ દ્વારા રિટર્ન ફાઈલમાં રિફંડ બતાવનાર કરદાતાઓને નોટિસ ફટકારી રિફંડ અટકાવવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. રિફંડ અટકાવવામાં આવતા ITR ફાઈલ કરનારા દોડતા થઈ ગયા છે. કરોડો રૂપિયાની કરચોરી અટકાવવા માટે રિટર્નની સઘન ચકાસણી ચાલી રહી છે અને શંકાસ્પદ કેસોમાં આગળ કડક કાર્યવાહી કરવામાં આવશે. આવકવેરા વિભાગે સ્પષ્ટ કર્યું છે કે ખોટી માહિતી આપનાર કે આવક છુપાવનાર સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

લેબ માલિક...

બ્રિજેશને એમ.ડી. ડ્રગ્સ બનાવવાના રવાડે ચઢાવ્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. એસ.ઓ.જી.ના પી.આઈ. તુષાર પંડ્યાએ ઇશાનું વિસ્તૃત નિવેદન લીધું હતું. જેમાં ઘટના બાદ દિલ્હીમાં લેબને લગતા એક એક્ઝિબિશનમાં ગઈ હોવાની કબૂલાત કરી હતી. ઇશા પાસેથી પોલીસે લેબના લાયસન્સની નકલો કબજે કરી છે તેમજ જનક જાગાણી સાથે ઇશા વચ્ચે થયેલી વોટ્સએપ વાતચીતના સ્ક્રીનશોટ પણ જપ્ત કરવામાં આવ્યા છે. જેમાં ઇશા અને જનક વચ્ચે લેબને ભાડે લેવા બાબતે વાતચીતનો સમાવેશ થયો છે. ઈશાએ લંડનમાં તેની સાથે અભ્યાસના પણ પુરાવા પોલીસને રજૂ કર્યા છે. પોલીસે તેની બેંક ડીટેલ પણ લીધી છે. જેના આધારે જનક વચ્ચેના આર્થિક વ્યવહારોની પણ તપાસ કરશે. આ ઉપરાંત તપાસમાં બહાર આવ્યું છે કે બ્રિજેશ ભાલોડીયાએ અંકલેશ્વરના કેમિકલ વેપારી જીતેન્દ્ર કોરડીયાની પાસેથી ડ્રગ્સ બનાવવા માટેના કેટલાક કેમિકલ ખરીદ્યા હતા, જેના નિવેદન પણ પોલીસે લીધા છે. બ્રિજેશ અમુક કેમિકલ ઓનલાઈન મંગાવતો હતો, જ્યારે કેટલાક કેમિકલ તે જે એથર કંપનીમાં નોકરી કરે છે ત્યાંથી સરળતાથી મેળવી લાવતો હતો.

જનકના કહેવાથી બ્રિજેશને લેબનો એક ભાગ ૧૨ હજાર ભાડે આપ્યો હતો

જનકના કહેવાથી ઇશા અણઘણે પોતાની લેબનો એક ભાગ રૂ.૧૨ હજારના ભાડેથી બ્રિજેશને આપ્યો હતો. ઇશાના નિવેદન અનુસાર જનકે લંડનથી ફોન કરીને જણાવ્યું હતું કે લેબમાં ઉપલબ્ધ ફ્યુલ સાધનો બ્રિજેશને વાપરવા દેવામાં આવે તો અલગથી ભાડું મળશે. આથી ફ્યુલ સાધન રહેલો ભાગ પેટા ભાડે આપ્યો હતો. ઇશા લેબમાંથી ગયા બાદ રાત્રિના સમયે બ્રિજેશ ભાલોડીયા લેબમાં આવી એમ.ડી. ડ્રગ્સ બનાવતો હતો.

અનુસંધાન ... પાના પહેલાનું

અમેરિકા ભારતને...

ભારે કાચા તેલ (Heavy Crude) ને પ્રોસેસ કરવા માટે સક્ષમ છે. જો આ પુરવઠો ફરી શરૂ થાય, તો ભારતને તેના ઉર્જા સ્ત્રોતોમાં વિવિધતા લાવવામાં મદદ મળશે, ખાસ કરીને એવા સમયે જ્યારે રશિયન તેલ પરના પ્રતિબંધોને કારણે દબાણ વધી રહ્યું છે.

ટ્રમ્પની ૧૦૦ અબજ ડોલરની યોજના ટ્રમ્પે તાજેતરમાં ઓઈલ કંપનીઓના અધિકારીઓ સાથેની બેઠકમાં જણાવ્યું હતું કે અમેરિકી કંપનીઓ વેનેઝુએલાના તેલ ક્ષેત્રમાં ૧૦૦ અબજ ડોલરનું રોકાણ કરશે. તેમણે કહ્યું કે, અમેરિકા વેનેઝુએલાના સંગ્રહિત ૩ થી ૫ કરોડ બેરલ તેલના વેચાણ પર નિયંત્રણ રાખશે અને ભવિષ્યમાં પણ તેનું સંચાલન કરશે.

આ પગલું વૈશ્વિક ઓઈલ માર્કેટમાં મોટો ફેરફાર લાવી શકે છે અને ભારત જેવા તેલ આયાતકાર દેશો માટે એક મહત્વનો વ્યૂહાત્મક વિકલ્પ પૂરો પાડી શકે છે.

અમેરિકાના રાજદૂત...

મોદીએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ટેલિફોન ન કર્યો હોવાથી બંને દેશો વચ્ચે પ્રસ્તાવિત વેપાર સોદો સીલ થઈ શક્યો ન હતો તેવા યુએસ વાણિજ્ય સચિવ હોવર્ડ લ્યુટનિકના દાવા બાદ બંને પક્ષો વચ્ચે નવો વિવાદ શરૂ થયો છે એવા સમયે ગોરનું ભારતમાં આગમન થયું છે.

ટ્રમ્પના સૂટ...

કાર્ટૂન જેવો મોટો અને મોં ખુલ્લું હોય તેવો છે. જ્યારે પત્રકારોએ આ વિશે પૂછ્યું ત્યારે ટ્રમ્પે મજાકિયા અંદાજમાં કહ્યું, "કોઈએ મને આ આપી છે. તેને 'હેપ્પી ટ્રમ્પ' કહેવાય છે." નેઝુએલાના ઉર્જા ઉદ્યોગ પર અમેરિકાના નિયંત્રણ અંગે ઓઇલ કંપનીઓના સીઇઓ સાથેની મહત્વની બેઠક દરમિયાન ટ્રમ્પે આ પિન પહેરી હતી. પિન બતાવતા ટ્રમ્પે હસતા હસતા કહ્યું, "હું ક્યારેય સંતુષ્ટ કે ખુશ નથી હોતો અને જ્યાં સુધી અમે અમેરિકાને ફરી મહાન (Make America Great Again) નહીં બનાવીએ ત્યાં સુધી હું સંતુષ્ટ થઈશ પણ નહીં, પરંતુ અમે તેની ખૂબ નજીક છીએ."

અગાઉ ફેબ્રુઆરીમાં તુલસી ગબ્બાર્ડના શપથ ગ્રહણ વખતે પણ તેમણે આવી પિન પહેરી હતી. ઓનલાઇન તપાસ કરતા જાણવા મળ્યું કે એમેઝોન પર આવી પિન લગભગ $9.99 (અંદાજે 840)માં ઉપલબ્ધ છે.

ઈરાનમાં પ્રચંડ...

વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ઈરાનના લોકોના સાહસને બિરદાવતા સમર્થન જાહેર કર્યું છે. અમેરિકી વિદેશ મંત્રાલયે ઈરાનને કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું છે કે, "પ્રેસિડેન્ટ ટ્રમ્પ સાથે રમત ન રમો, તેઓ જે કહે છે તે કરીને જ જંપે છે." આ નિવેદન બાદ ઈરાન પર આંતરરાષ્ટ્રીય દબાણ વધ્યું છે.

સરકારી દાવો વિરુદ્ધ જમીની હકીકતઃ ઈરાનનું સ્ટેટ ટીવી દેશમાં શાંતિ હોવાનો દાવો કરી રહ્યું છે અને વિરોધ પ્રદર્શનોને "વિદેશી તાકતો દ્વારા પ્રેરિત આતંકવાદી હુમલા" ગણાવી રહ્યું છે. જોકે, સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં તેહરાનના સાદત આબાદ વિસ્તારમાં હજારો લોકો "ખમેની મુર્દાબાદ" ના નારા લગાવતા જોવા મળી રહ્યા છે. બીજી તરફ, પ્રદર્શનકારીઓએ સુરક્ષા દળોના કેટલાક સભ્યોને પણ નિશાન બનાવ્યા હોવાના અહેવાલ છે.

ઈરાનમાં ઈસ્લામિક શાસન વિરુદ્ધ ચાલી રહેલા વિદ્રોહને દબાવવા માટે સરકાર હવે અત્યંત હિંસક માર્ગે વળી છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રક્તપાત રોકવા અને અન્યથા દરમિયાનગીરી કરવાની આપવામાં આવેલી કડક ચેતવણીને અવગણીને, ઈરાની સુરક્ષા દળોએ અંધાધૂંધ ફાયરિંગ કરતા વધુ ૫૦ પ્રદર્શનકારીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે.

હોસ્પિટલોમાં કટોકટી અને ધરપકડનો ડરઃ સ્થાનિક હોસ્પિટલોના અહેવાલો મુજબ, ઈજાગ્રસ્તોની સંખ્યા એટલી મોટી છે કે મેડિકલ સુવિધાઓ ટૂંકી પડી રહી છે. મોટાભાગના પ્રદર્શનકારીઓને ગોળી વાગવાથી ગંભીર ઈજાઓ થઈ છે. ચોંકાવનારી વાત એ છે કે, અનેક પરિવારો પોતાના સ્વજનોને હોસ્પિટલ લઈ જતા ડરી રહ્યા છે, કારણ કે તેમને ભય છે કે હોસ્પિટલ પહોંચતા જ સુરક્ષા એજન્સીઓ તેમની ધરપકડ કરી લેશે.

ટાઈમ મેગેઝિન'ના અહેવાલ અનુસાર, તેહરાનની માત્ર છ હોસ્પિટલોમાં જ ૨૧૭ પ્રદર્શનકારીઓના મોત નોંધાયા છે. આ તમામના મોત સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલી સીધી ગોળીબારને કારણે થયા છે. ગુરુવાર રાતથી પ્રદર્શનો ઉગ્ર બનતા સુરક્ષા દળોએ અનેક જગ્યાએ અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું.રિવોલ્યુશનરી ગાર્ડ્સની ધમકીઃ ઈરાનની શક્તિશાળી સેના 'રિવોલ્યુશનરી ગાર્ડ્સ'ના એક અધિકારીએ સરકારી ટીવી પર લાઈવ આવીને વાલીઓને અત્યંત ક્રૂર અને ધમકીભર્યા શબ્દોમાં ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે, "માતા-પિતા પોતાના બાળકોને પ્રદર્શનોથી દૂર રાખે, જો તેમને (બાળકોને) ગોળી વાગે તો બાદમાં ફરિયાદ કરતા નહીં."

સિટી સેન્ટરો...

તેઓ પોતપોતાના શહેરોના મુખ્ય કેન્દ્રો અને સરકારી વહીવટી મથકો પર નિયંત્રણ મેળવી લે. ૨. આર્થિક હડતાળઃ તેમણે તેલ અને ગેસ જેવા મુખ્ય આર્થિક ક્ષેત્રોમાં કામ કરતા કર્મચારીઓને હડતાળ (Strikes) પાડવા અપીલ કરી છે, જેથી સરકારની આવકના સ્ત્રોત બંધ થઈ જાય. ૩. સતત પ્રદર્શનઃ આંદોલન નબળું ન પડે તે માટે તેમણે રસ્તા પરના વિરોધ પ્રદર્શનો ચાલુ રાખવા અને એકતા જાળવી રાખવા ભાર મૂક્યો છે.

ઈરાન 'ડિજિટલ...

સેવાનો ઉપયોગ કરતા હતા. પરંતુ એક્સપર્ટ્સના મતે, ઈરાન સરકાર હવે રશિયા અને ચીન પાસેથી મળેલા સૈન્ય-ગ્રેડ જામરનો ઉપયોગ કરીને સ્ટારલિંક અને GPS સિગ્નલોને પણ જામ